## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

મોરનું મ્હેણું અષાઢે સાંખવું સારું નહીં
આ રીતે ભડલીવચન કૈં ભાખવું સારું નહીં
એકલાં જાણી રખે આવી ચડે એનાં સ્મરણ
આંખમાં પાણીનું જોખમ રાખવું સારું નહીં

- હરીશ મીનાશ્રુ

### પાથેય

- રમેશ ઠક્કર

## ચોમાસું ચાર વેંત છેટું...!

ઉતરતી અવસ્થાએ જેઠ થોડાંક ઝાપટાં નાખી ગયો છે..અને પ્યાસી ધરતી એનાથી પણ સંતૃપ્ત થઈ જરીતરી સળવળી પણ છે. ચારેતરફ એક લીલો લસરકો સીમને સ્પર્શી રહયો છે..આ બધાને નીરખતો હું એક હરિયાળી સફર કરી રહયો છું..રસ્તામાં નાની મોટી કેટલીક સરિતાઓ સળવળી રહી છે..આજકાલમાં એ કદાચ ખળખળ નીનાદ કરતી નવયૌવના થઈ જાય એવો વર્તારો છે.. આ વર્તારો એ જ ખરેખર જીવનનો સધિયારો છે..પણ આજે પ્રાસાનુપાસથી મારે દૂર રહેવું છે. ફકત પ્રકૃતિની સ્વીકૃતિને શણગારવી છે...

અષાઢ વિશે આમ તો કાલિદાસનાં વર્ણનો જોયા પછી શું લખવું એ વિચારવામાં જ જિંદગી જતી રહે..ફાગુકાવ્યોથી લઈ ફેસબુકના મબલખ ફાલકાવ્યો સુધી દરેક સમયે અષાઢ આપણામાં સળવળતો હોય છે..વરસાદી ઝાપટાં એકાદ બે દિવસથી ગ્રાઉન્ડ રિહર્સલ કરી રહયાં છે...ડીટરજન્ટ સાબુથી ધોયાં હોય એવાં વૃક્ષો રસ્તાની બેય ધારે ચમકચમક થતાં મનને બહેલાવે છે...અલબત્ત બહેકાવે જ છે..

પુરપાટ ગતિએ અમારી આંખ નીચેથી એક મદમસ્ત નાનકડી નદી પસાર થઈ જાય છે..જાણે વહી જતી પાછળ રમ્ય ઘોષા..એનું નામ શું હશે ? ખબર નથી પણ એથી એની અદામાં કોઈ ફરક પડતો નથી..નામનો મોહ હોય એ નદી કે પર્વત ના થઈ શકે. કદાચ શિલાલેખ બની જાય..! ધરતી જયારે મોહક બને છે ત્યારે ચોમાસું ચાર વેંત છેટું હોય છે..આકાશ જાણે અંગડાઈ લઈ લેતું હોય છે..વરસાદના એક ઝાપટે નિકળી પડતાં દેડકાં ગોકળગાય..અને અવનવા જીવ આટલી મોટી સંખ્યામાં કયાંથી નિકળી પડતાં હશે ? એના સ્ટોરેજની વ્યવસ્થા કોણે કરી હશે ? કઈ તરકીબથી એ માટીની ચાદર નીચેથી જીવંત પ્રવેશ કરતાં હશે ? ખેતરોને સહારે ટકી રહેલી વાડ પણ હવે વૈભવી બની જવાની છે..કેમ કે એની આસપાસ નાજુક વેલનાં પગરણ થવા માંડયા છે..લીલીછમ વેલોથી લથબથ લદાયેલી વાડો જાનમાં આભૂષણોથી સુસજ્જ નવયૌવનાઓથી જરા પણ કમ નથી હોતી..

હજુ તો આ હેલીગ્રસ્ત સવાર છે..અષાઢી સંધ્યાનો દમામ પણ અનોખો હોય છે..બપોર તો જાણે બારોબાર નીકળી જ જાય છે. ! ખેતરો વચ્ચેના ભીના ચાસ એ ખેડૂતના વિશ્વાસ જેવા હોય છે..શ્રમજીવીના છાપરેથી નિકળતી ધ્રૂમસેરો આપણી નાસિકાઓને સ્પર્શી જાય છે. અને આપણી ભુખનો જાણે ઘંટારવ થાય છે..સુખના એ છાપરે એકાદ વખત વાળુ કરવાનો કે તૃપ્ત થવાનો અવસર મળે તો એ ચુકવા જેવો નથી હોતો..ખેતરની એ મીઠાશ પ્રત્યેક કોળિયે આપણને તરબતર કરી નાખે છે.. દૂર સીમાડાઓ ઉપર ધુમાડા અને વરસાદી ફોરાંનું એક ગજબ 'શાવરીંગ' તમને મોહી લેવા માટે પુરતું હોય છે...કાલિદાસ કદાચ આવું બધું જોઈ ગયા હશે..! અને એટલે જ અષાઢસ્ય પ્રથમ દિવસે એ પુલકિત થયા હશે..આપણે તો સ્વીકારી જ લીધું છે કે અષાઢને ઉકેલવો એ આપણું કામ નથી..! જેઠનો બફારો હોય છે પણ અષાઢનો તો સહારો હોય છે..જળ માટે વિહવળ સમગ્ર સજીવ સૃષ્ટિની આશ એ જ કદાચ આપણો વિશ્વાસ છે..નજર સામે આપોઆપ ઉકેલાતા અષાઢથી તમે અભિભૂત ના થાઓ એવું તો કઈ રીતે બને ?

## ઉદ્ધવનું ઈજન હવે વાંઝિયું નીવડવાનું

**તંત્રીસ્થાનેથી...**

સત્તાની સાઠમારીના પ્રસંગો આદિઅનાદિથી બનતા રહ્યા છે.એથીસ્તો કહેવત પડી ગઈ હશે : એવરી થીંગ ઈઝ ફેર ઈન લવ એન્ડ વોર. સત્તા મેળવવા માટે 'વોર' કહેતાં લડાઈ તો લડવી જ પડે છે. પછી તે હસ્તિનાપુરની સત્તા હોય, દિલ્હી દરબાર માટેનો જંગ હોય કે મુંબઈ - ગાંધીનગર - બેંગ્લોર કે ભોલાલ - જયપુર - કોલકાત્તા કબજે કરવાનું રાજય પૂરતું સીમિત યુદ્ધ હોય. મમતા બેનરજી જેવાં ઝુઝારું યોદ્ધા કે સેનાપતિ દિલ્હીનરેશને પણ માત આપી શકે છે તો વળી પ્રોપર દિલ્હીનરેશ સામે કેજરીવાલ જેવા કારકુન ટાઈપ નેતાનો દબદબો છે. કેજરીવાલ પાસે મોદીનું નેતાબ્રાન્ડ વ્યક્તિત્વ જ કયાં છે કે દેશની પ્રજા એમને રાષ્ટ્રીય નેતા સ્વરુપે સ્વીકારે ? નેતાનો પણ એક હૂલિયો હોય છે ; એનો એક 'ડ્રેસ કોડ' જનમાનસમાં નહેરુયુગથી જ સ્થાપિત થઈ ગયેલો છે જેને નહેરુવંશનું નિકંદન કાઢવાના સોગંધ ખાધા પછી પણ નરેન્દ્ર મોદીને અપનાવવો અને સ્વીકારવો પડે છે. એ જ ચુડીદાર, એ જ ઝભ્ભો, કોટી કે બંડી અને એ જ સ્ટાઈલ ! ઉદ્ધવ ઠાકરે બીમાર પડેલુ વાઘનું બચ્ચું છે. એ પૂરા વાઘમાં કયારેક વિકસી જ નથી શકયું. એટલે શરૂ શરૂમાં પ્રચંડ પ્રતિભાશાળી 'હિંદુ હૃદય સમ્રાટ' તરીકેનું સાર્થક બિરુદ પ્રાપ્ત કરનાર પિતાના પેંગડામાં પગ ઘાલવાનો પ્રયાસ કરી જોયો, થોડાં ઘુરકિયાં પણ કરી જોયાં પણ અંતે કઠોર વાસ્તવનો સ્વીકાર પણ કરી રહ્યા છે. એમને ખબર છે કે આપણો પત્તાંનો મહેલ હવે નથી શરદ પવારના ટેકાથી ટકી શકવાનો કે નથી એને વિચારધારાથી વિપરીત સોનિયા - રાહુલ વાળી કોંગ્રેસ બચાવી શકવાની. શિવસેનાની સેનાએ જ બળવો કર્યો છે. સેનાપતિ માંદો છે. એણે છેક ગત મે મહિનામાં નંબર-ટુ શિવસેના નાયક અને અત્યારે હવે નાયબ મુખ્યમંત્રી બનવા તલપાપડ બળવાખોર શિંદેને મુખ્યમંત્રી બનાવી દેવાની ઑફર કરી હતી. શિંદેનો વિરોધ પાયાનો અને વિચારધારા પ્રેરિત હોઈ સાચો હતો. ભાઈ, તમે યુતિ કરીને ચૂંટણી લડો અને પછી સત્તાના લોભમાં દુશ્મન પક્ષો સાથે સમાધાન કરી લો એ તે કેમ ચાલે ? હવે ઉદ્ધવ ઠાકરે પણ સમજી ગયા છે કે પાણી માથા પરથી વહી ગયાં છે. શિવસેનાને તૂટતી બચાવવી હોય તો બળવાખોરોને એમની શરતે પાછા વળવાની ઑફર કરવી જોઈએ. એટલે એક તરફ સુપુત્ર અને બાળાસાહેબના પૌત્ર આદિત્ય ઠાકરે પડકારની ભાષા બોલવા ટેવાયેલા હોઈ બળવાખોરોને એમની એકાત બતાવી દેવાની વાત કરે છે અને પ્રવક્તા સંજય રાઊત ભડકીયાં નિવેદનો કરી કરી બળવાખોરોને વધુ ને વધુ ઉશ્કેરે છે ત્યારે ઉદ્ધવ એટલું જ સમજે છે કે આપણા પગ નીચે ધરતી રહી જ નથી. ફલોર પર પગ ટકી શકે એમ હોય તો ફલોર ટેસ્ટની વાત કરી શકાય ને ? એ વાત ફડણવીસ કરી શકે છે કારણ કે એમને પોતાના રાષ્ટ્રીય નેતાઓ સાથે આ અંગે આગોતરી ગોઠવણ કરીને જ અઘાડી સરકારને જમીનદોસ્ત કરવાનું કાવતરું રચેલું છે. શિંદે તો એક મહોરું છે. ભાજપની સહાયથી નાયબ મુખ્યમંત્રી થઈ જવું એ ટૂંકા ગાળાનો લાભ છે. પછી તો મોદી-શાહ-ફડણવીસનાં પગરખાં પડ્યાં હશે ત્યાં જ બેસવાનું છે. શિવસૈનિકોને ભાજપનું રાષ્ટ્રીય શાસન ધરાર નથી ગમવાનું. એમને તો બાળાસાહેબની વાઘ જેવી ગર્જના કરી પોતાનું નાનકડું રજવાડું સાચવવું છે, પણ જયાં વાઘના વારસદારમાં જ દૈવત ન બચ્યું હોય ત્યારે એ પણ બિચારા કરી કરીને કેટલી તોડફોડ કરશે ? આખરે એમને પણ દિલ્હીની સત્તા સામે ઘૂંટણિયે પડ્યા વગર છૂટકો નથી. સંજય રાઊત જેવા નેતાઓની મટ્ટી પલિત કરવાનાં કાગળિયાં થઈ ચૂક્યા છે. ઈડીના ડાઘિયા એમને જેલના સળિયા ગણાવી શકે છે. સત્તા સામે શાણપણ નકામું છે. ઉદ્ધવ ઠાકરે એટલું સમજી ગયા છે એટલે હજી પણ તેઓ બધા કડવા ઘૂંટડા ગળી જઈને બળવાખોરોને પાર્ટીમાં પરત ફરવાનાં ઈજન પાઠવી રહ્યા છે એ ગમે તેટલા કાલાવાલા કરે પણ દિલ્હીવાળા શિંદે આણિ મંડળીને હવે થોડી છટકવા દેશે ?

## પૈસા વગર જિંદગી માણી શકાય પરંતુ જિંદગી વગર પૈસા વાપરી શકાય નહીં



લાગણીનો મેળો
રસિક વાળંદ

હા સાહેબ હું પૈસો છું
હું મીઠા જેવો છું જે જરૂરી તો છે,
પણ જરૂરિયાતો કરતાં
વધુ તો જીવનનો સ્વાદ બગાડું છું.

● ● ●

'સાહેબ, આજનો માણસ પૈસા, પ્રેમ અને પાણીથી આટલો તરસ્યો કેમ ? - સોસાયટીના નાકે બેઠેલા એક વડીલના આ ઠાવકા સવાલે મને ઘડીભર વિચારતો કરી દીધો.... હું જરા ઉતાવળમાં એટલે....' દાદા, પાણી, પૈસા, અને પ્રેમ.... વહાલ, વરસાદ અને વિચાર.... સમયસર આવે તો જ કામના...' - આવો ટૂંકો પ્રત્યુત્તર વાળી ચાલવા માંડ્યો.

પંડિત વિષ્ણુ શર્મા એ આજથી બે હજાર વર્ષ પૂર્વે 'પંચતંત્ર' ની વાર્તાઓના ગ્રંથમાં પૈસા - ધન - વિશે જે લખ્યું છે તે અહીં પ્રસ્તુત કરું છું.

'ધન વડે ના મેળવી શકાય તેવી કોઈ વસ્તુ આ જગતમાં નથી. તેથી બુદ્ધિશાળી માણસે એકમાત્ર ધન પ્રાપ્ત કરવા વિચારવું જોઈએ. જેની પાસે ધન છે. એના જ મિત્રો હોય છે. એને જ લોકો મર્દ માને છે. લોકો ને મન એ જ પંડિત ગણાય છે. જેની પ્રશંસા થતી ના હોય એ વિદ્યા નથી. એ કલા નથી. જગતમાં જે લોકો અમીર હોય છે તેમની સાથે પારકા લોકો પણ સ્વજન જેવો વ્યવહાર કરે છે. જયારે ગરીબોના સ્વજનો પણ તેમની સાથે પરાયાપણાનો ભાવ રાખે છે. જયાં પૈસૌ હોય ત્યાં અપૂજ્ય લોકો પણ પૂજાપાત્ર બની જાય છે. જેને આંગણે કદી પગ મૂકવાનો વિચાર પણ ન આવે તેના ઘરને બારણે લોકો હસતા હસતા જાય છે. એ બધો પ્રતાપ એકમાત્ર પૈસાનો છે. આ દુનિયામાં ધન મેળવવા લોકો સ્મશાને જઈ સાધના કરે છે. નિર્ધન લોકો જન્મ આપનાર માતાપિતાનો ય ધિક્કારવા લાગે છે. ધનિક વ્યક્તિ ઘડપણમાં પણ યુવાન જણાય છે, જયારે ગરીબ ધનહિન માણસ યુવાનીમાં પણ વૃદ્ધ મનાય છે. ભીખ માંગવાથી, રાજની નોકરી કરવાથી, ખેતી કરવાથી, વિદ્યાભ્યાસથી, ધીરધાર કરવાથી તથા વાણિયાની જેમ વેપાર કરવાથી - એમ છ પ્રકારે ધન પ્રાપ્ત થાય છે. એ બધામાં વેપાર કરી કમાયેલું ધન જ સૌથી શ્રેષ્ઠ અને પ્રશંસાપાત્ર ગણાય છે.'

દોસ્તો, પરાપૂર્વથી પૈસાની બોલબાલા છે જ. ભલે, લોકો એવું માનતા હોય કે પહેલાં ના લોકો આજના જેવા ધનપરાયણ નહોતા.... ધન-પૈસાની મહત્તા તો સૌએ સ્વીકારી જ છે.

નાનપણમાં મામા આંગળી ઝાલીને હરખભેર 'પૈસા બોલે છે' એ નામનું નાટક જોવા લઈ ગયેલા એ યાદ આવે છે. 'પૈસા પાણીમાં વાટ પાડે' આવાં વાક્યો વડીલોના મુખે સાંભળેલા.

આપણા વૈદિક ઋષિ - મુનિઓએ 'શ્રીસુક્મ્' ગાઈને ધન-લક્ષ્મીની અભિવંદના કરી છે. ઋષિ મુનિઓને તો 'ધન' શબ્દનો અર્થ સ્પષ્ટ હતો જ. 'ધનમ્' શબ્દ 'ધનાનિ' અર્થાત્ 'દોડવું' પરથી ઊતરી આવ્યો છે. વેદકાળથી જ 'દોડવું' ધન સાથે જોડાઈ ગયું છે. આજના 'મનીભાઈ'એ 'Money' નો ઈતિહાસ જાણવો રહ્યો. રોમન દેવી જૂનો મોમેટા રોમની આર્થિક સ્થિરતા માટે જવાબદાર મનાતા. Moneta શબ્દ લેટિન Monere પરથી. જેનો અર્થ 'ચેતવવું' અથવા 'સલાહ આપવું' થાય પછી ફ્રેન્ચ Monnaie એમાંથી અંગ્રેજી Momeie અને પછી Money નામકરણ થયું એમ વિદ્વાનો જણાવે છે. આ શબ્દના મૂળમાં 'ચેતવણી' અર્થ અભિપ્રેત છે એ હંમેશા યાદ રાખજો.

અરબીમાં 'દૌલત' શબ્દ છે. મૂળ ધાતુ 'દવલ' એટલે દબાવવું - હસ્તાંતરિત થવું. એ જ રીતે 'દ્રવ્ય' શબ્દ 'દ્રવ' એટલે પીગળવું, વહેલું. જે વહેતું રહે તે દ્રવ્ય છે. 'કરન્સી' એટલે દોડે તે અને 'ચલણ' એટલે ચાલે તે.... ફાધર વાલેસે 'શબ્દ લોક' માં આની રસપ્રદ સમજ આપી છે.

આ રીતે 'પૈસો' શબ્દ મૂળ લેટિન ક્રિયાપદ 'પેન્ડર' વજન કરવું. પરથી તેમજ લેટિન સંજ્ઞા 'પેન્સમ' પરથી આવ્યો છે. જેનો અર્થ 'કંઈક વજન કરેલ' થયો જે સ્પેનિશમાં 'પૈસો' એટલે કે 'વજન' શબ્દ પ્રયોગ અસ્તિત્વમાં આવ્યો.

બક્ષીબાબુ તો કહે છે, 'પૈસા માટે સંસ્કૃત ભાષાએ એક વિરાટ, સર્વવ્યાપી શબ્દ વાપરી દીધો છે; અર્થ. અર્થ શબ્દનો અંત છે. અર્થ નિચોવી લીધા

અનુસંધાન પાના નં. ૭ પર

### દિન મહિમા

- નેશનલ એસ્ટેરોઈડ દિવસ
- સોશિયલ મીડિયા દિવસ

### આજનું ઔષધ

- બે ભાગ તલ અને એક ભાગ સુંઠના ૧-૧ ચમચી બારીક ચૂર્ણનું સવારી-સાંજ હુંફાળા પાણી સાથે સેવન કરવાથી સાંધાનો દુખાવો મટે છે.

### ખડખડાટ

- એક મહિલા તેના અંતિમ શ્વાલ લઈ રહી તી.
પતિ : તારી કોઈ અંતિમ ઈચ્છા હોય તો બોલ...!!
પત્ની : મારી સરઘજલીમાં પેલો ગોવાવાળો ફોટો લગાવજો. તેમાં હું પાતળી લાગું છું.

### આજનું વોટ્સએપ

- પોતાને એવા બનાવો કે જયાં તમે જાઓ ત્યાં બધા તમને યાદ કરે અને જયાં તમે પહોંચવાના હોય ત્યાં બધા તમારી રાહ જોવે.

## છ-સાત કિશોરો ત્યાં બેસીને પત્તાં રમી રહ્યા હતા



સ-રસ
મમતા બુચ

દરરોજની જેમ આજે પણ સાંજે ઓફિસેથી આવીને હું ડ્રોઈંગરૂમના સોફા ઉપર ગોઠવાઈ ગયો. ઓફિસેથી છૂટતી વખતે ઘર તરફ વળતાં મારાં પગલાંમાં બે કારણથી ઉત્સાહ ભરેલો રહેતો- એક તો સર્વસામાન્ય ''હોમ, સ્વીટ હોમ''ની ફિલિંગ અને બીજું કે એ મહોલ્લામાં મેં હમણાં જ ફલેટ ખરીદ્યો હતો એટલે નવા રહેઠાણનો ઉમંગ.

દરરોજની જેમ આજે પણ શ્વેતા ગરમાગરમ ચા બનાવી રહી હતી. મને કોઈ પૂછે તો હું મારા આખા દિવસનો સૌથી સુંદર કલાક આ સાંજનો સમય જ કહું! ઓફીસનાં ટેન્શનોથી પરે, વરાળ નીકળતી ચાની ચૂસકી સાથે ટી.વી.માં ન્યૂઝ જોવા,સોફા ઉપર પથરાઈને બેસવું અને અફકોર્સ, શ્વેતાની રોજનીશી ધ્યાનપૂર્વક સાંભળવાનો ડોળ કરવો! હું સમજતો હતો કે એને આખો દિવસની વાતો કહેવાની હોય, હજુ એકાદ અઠવાડીયાથી અહીં અમે આવ્યાં હોવાથી કોઈને એ ઓળખતી ન હોય એટલે બધી વાતો ઠાલવવાનું માધ્યમ હું જ હોઉં પણ ઓનેસ્ટલી સ્પીકિંગ, મને એની કોઈ વાતમાં બહુ રસ પડે નહીં! અને આ પત્નીની પ્રજાતિ પણ કમાલની હોય છે! એ બરાબર જાણતી હોય કે પતિને એની કોઈ વાતમાં રસ હોતો નથી છતાં ધરાર એ બધી વાત કરીને જ જંપે!

ખેર, ચા બનાવતાં-બનાવતાં શ્વેતા એની વાતો કરી રહી હતી અને હું ''હઁ...હા..હા'' કરીને એનો જવાબ આપી રહ્યો હતો. એ જાણતી હતી કે એની વાતમાં મારું કોઈ ધ્યાન નથી! આખરે એ કિચનમાંથી બહાર આવીને ''તમને મારી કોઈ વાત સાંભળવામાં રસ નથી તે હું ય ક્યાં નવરી છું, મારે ય રસોઈ બનાવવાનું મોડું થાય છે'' એમ કહીને ચાનો કપ ટીપોય ઉપર મૂકીને પાછી ફરી ગઈ.

મને પણ અકળામણ થઈ આવી. આ પત્નીઓ સમજતી કેમ નહીં હોય કે પતિ કોઈ ટી.વી.સેટ નથી કે રિમોટ કંટ્રોલથી ઘડી-ઘડીમાં ચેનલો બદલાય! સાલું, માણસનો કોઈ મૂડ હોય કે નહીં! એક તો ઓફિસેથી થાક્યા-પાક્યા આવ્યા હોઈએ ને ત્યાં પાછુંપ..

અકળાઈને મેં જરા આમતેમ નજર ફેરવી. મારા ડ્રોઈંગરૂમના સોફાની બાજુમાં રહેલી મોટી ગ્લાસ-વિન્ડોમાંથી બાજુના અડીને આવેલા મકાનનું ધાબું દેખાતું હતું એમાં મારી નજર ગઈ. છ-સાત કિશોરો ત્યાં બેસીને પત્તાં રમી રહ્યા હતા. મેં વિન્ડો થોડી ખોલી. એ લોકો એમની રમતમાં ગુલતાન હતા. એમનું ધાબું સાવ પાસે જ હોવાથી એમના અવાજો મને સ્પષ્ટ સંભળાતા હતા. અને એના પરથી મેં તારવ્યું કે એ લોકો સામાન્ય, નિર્દોષ પત્તાંની રમત રમી રહ્યા હતા. મને ઈર્ષ્યા સાથે દયાની લાગણી થઈ આવી. અત્યારે કેવી બેફિકર જિંદગી જીવી રહ્યા છે, થોડાં વર્ષોમાં ''પતિ'' બની ગયા પછી એમના કેવા હાલ થશે!

હું વિન્ડો બંધ કરવા જતો હતો ત્યાં મારી નજર એ ધાબાંમાં રહેલી સિમેન્ટની પાણીની ટાંકી ઉપર ગઈ. કિશોરોનું ગ્રૂપ તો જમીન ઉપર બેસીને પત્તાં રમી રહ્યું હતું પણ એમના જેવડો જ એકછોકરો એ પાણીની ટાંકી ઉપર ચઢીને આનંદથી એ રમત નિહાળી રહ્યો હતો. પત્તાં રમનારા કોઈનું ધ્યાન એની તરફ નહોતું. મને જોઈને એ સ્હેજ મલકાયો. જવાબમાં મેં પણ સ્મિત કર્યું. પછી તો આ અમારો રોજનો ક્રમ થઈ ગયો. રોજ સાંજે મારું ઓફિસેથી આવીને સોફા ઉપર બેસવું, ચા પીતાં-પીતાં પત્તાંની રમત ''સાંભળવી'' અને પેલા છોકરાની સામે હાથ હલાવીને સ્મિત આપવું. જો કે મને એક વાત સમજાતી નહોતી કે એ બીજા બધા સાથે પત્તાં કેમ નથી રમતો. ત્રણેક દિવસ પછી સાંજે સરસ વરસાદ પડ્યો એટલે મેં શ્વેતાને ભજિયાં બનાવી આપવા આગ્રહ કર્યો. એણે એ વાત વધાવી લીધી પણ ચણાનો લોટ નજીકની દુકાનેથી લાવવો પડશે એવું કહ્યું. એટલે મને થયું કે લાવ, આજે હું ઓફિસેથી વહેલો આવ્યો છું તો ચાલતો-ચાલતો લોટ લઈ આવું. અંધારું ધીરે-ધીરે જોર પકડવા લાગ્યું હતું. હું લોટ લઈને પાછો ફરી રહ્યો હતો ત્યાં મને કોઈએ પાછળથી બૂમ પાડી, ''અંકલ!'' મેં પાછું ફરીને જોયું. એ જ ટાંકી ઉપર ચઢીને બેસતો છોકરો! ''અરે, દોસ્ત, તું!'' મેં પ્રતિસાદ આપ્યો. એણે હસતાં-હસતાં કહ્યું,''મારું નામ વિહાર છે, દોસ્ત નહીં! હું તમારી નજીકમાં જ રહું છું.'' મેં કહ્યું, ''મને તો તું મારા દોસ્ત જેવો જ લાગે છે.'' અને આમ અમારી વાતોનો દોર ચાલ્યો. એ શું ભણે છે, એના પરિવારમાં કોણ-કોણ છે એટલી વાતમાં તો મારું ઘર આવી ગયું. એણે સ્હેજ સ્મિત સાથે કહ્યું, ''અંકલ, પેલું દેખાય એ મારું ઘર છે. હું જઉં હવે. પાછાં મળશું.''

બીજે દિવસે સાંજે પણ હું લટાર મારવા ગયો હતો ત્યાં એ રસ્તામાં મને મળી ગયો. મને એ હસમુખો છોકરો ગમી ગયો હતો. એને પણ મારી કંપની ગમતી હોય એવું લાગતું હતું. પણ આજે વાત-વાતમાં મેં એને પૂછ્યું, ''વિહાર, એક વાત કહે ને દોસ્ત! તારા બધા મિત્રો પત્તાં રમે છે પણ તું કેમ રમતો નથી? તને શું મજા આવે છે ખાલી જોવામાં?'' એની આંખોમાં ચમક આવી ગઈ, ''અંકલ, તમે જોયું ને? હું પત્તાં રમતો નથી ને? મમ્મી માનતી જ નથી ને! એને એમ છે કે હું બધા ભાઈબંધો સાથે પત્તાં રમ્યા કરું છું. પણ મને તો એમની કંપની ગમે છે એટલે હું ત્યાં જઉંછું. અને પત્તાં રમવાં એ કઈ ખરાબ બાબત થોડી છે?''

મેં કહ્યું, ''મમ્મીને ચિંતા થાય કે મારો દિકરો ખરાબ લતે તો નહીં ચઢી જાય ને તો એ સ્વાભાવિક છે.'' એણે કહ્યું, ''પણ તમે પોતે જોયું ને! હવે તમે મારી મમ્મીને કહેશો ને કે વિહાર ખાલી ત્યાં બેસે જ છે, પત્તાં રમતો નથી.'' મેં હસીને હકારમાં ડોકું ધૂણાવ્યું.

એ સાંજે શ્વેતાએ મને અલ્ટિમેટમ આપી દીધું કે જો પરમ દિવસે રવિવારે અમારા ઘરે સત્યનારાયણની કથા નહીં થાય તો જોયા જેવી થશે. જો કે વાત પણ સાચી હતી. એ ઘણા સમયથી મને કહ્યા કરતી હતી કે એ બહાને પડોશીઓની ઓળખાણ પણ થશે. બે દિવસ એની તડામાર તૈયારીઓમાં ગયા.

કથાના આગલા દિવસે સાંજે અમે આસપાસમાં આમંત્રણ આપવા નીકળ્યાં. બધાંને ત્યાં આમંત્રણ અપાઈ ગયા પછી મેં શ્વેતાને કહ્યું કે મારે મારા એક દોસ્તના ઘરે પણ આમંત્રણ આપવાનું છે. એ વિચારમાં પડી ગઈ. હું સસ્મિત ચહેરે એને વિહારના ઘરે લઈ ગયો. ડોરબેલ વગાડતાં જ એક પાંત્રીસેક વર્ષનાં બહેને બારણું ખોલ્યું. અમે આવવાનું પ્રયોજન જણાવ્યું. એમણે આવકાર આપ્યો. ડ્રોઈંગરૂમમાં પ્રવેશતાં જ મારી નજર સામેની દિવાલ ઉપર ચોંટી ગઈ. ત્યાં વિહારનો ફોટો હતો જેની ઉપર હાર ચઢાવેલો હતો! મને સ્તબ્ધ ઊભેલો જોઈને એ આંખમાં આંસુ સાથે બોલ્યાં, ''એ મારો દીકરો છે. હું એને કેટલી વાર કહેતી કે તું પત્તાં રમવા ના જા. પણ એ માન્યો નહીં. ત્રણેક મહિના પહેલાં એક દિવસ એ ધાબા ઉપરથી ઉતરવા ગયો એમાં સીડી ઉપરથી પગ લપસ્યો અને....'' બાકીની વાત એમના રુદનમાં વહી ગઈ.

હું હજી પણ સ્તબ્ધ ઊભો હતો. કોઈક મને કહેવડાવતું હોય એમ અનાયાસે મારા મોંઢામાંથી શબ્દો સર્યા, ''ના, બહેન, એ પત્તાં રમવા નહોતો જતો. એને મિત્રોની કંપની ગમતી હતી એટલે....'' બાકીના શબ્દો મારા ગળામાં જ રહી ગયા- ''એવું એણે પોતે મને કહ્યું છે.'' એ પછી એ ક્યારેય મને દેખાયો નહીં.

## જીવનમાં બદલાવ એટલા જ લાવવા જેટલા પચાવી શકો



નખરાળી જિંદગી
નિયતી કાપડીયા

આજે આપણે વિકાસના પંથે છીએ. કેટલાક લોકો મારી વાત સાથે સહમત નહીં થાય પણ તમે આજથી ત્રીસ વરસ પહેલાનો આપણો દેશ અને આજનો આપણો દેશ જોઈ શકશો, એ બંને વચ્ચેનો તફાવત સમજી શકશો તો મારી વાત સાથે તરત સહમત થઈ જશો.

આજે રોજ છાપામાં કે ન્યૂઝ ચેનલમાં દેખાડાતાં આંકડા કહે છે- દેશમાં સરેરાશ ગરીબી ઘટી છે, શિક્ષણનું સ્તર ઉપર આવ્યું છે, ઉચ્ચાભ્યાસ કરનાર યુવાવર્ગ વધ્યો છે, ગાડીઓનું વેચાણ વધ્યું છે, મોબાઈલ ફોનનું વેચાણ વધ્યું છે, આજે આપણા દેશમાં નાનામાં નાના માણસ પાસે ફોન છે, ઈન્ટરનેટ છે, બેંકમાં ખાતું છે, નવા નવા ઉદ્યોગ વિકાસ પામી રહ્યા છે, લોકોનું પગાર ધોરણ ઊંચુ આવ્યું છે, આજે લગભગ દરેકના ઘરમાં તમને ટીવી અને ફ્રીઝ જોવા મળે છે, ગરમી લાગે તો એસી ચલાવવું એ હવે સામાજિક સ્ટેટસમાં નહીં પણ જરૂરિયામાં આવે છે, આજે યુવતીઓ ગમે તે ફિલ્ડમાં જઈને ભણી શકે છે, કામ કરી શકે છે, સ્ત્રીઓ પરના સાસરિયાના અત્યાચાર ઓછા થયા છે...વગેરે વગેરે.

ઉપર મેં જે કંઈ કહ્યું એ સાચું છે. ક્યાંક અપવાદ ચોક્કસ હશે એની ના નથી પણ મોટે ભાગે મેં જે કહ્યું એવું જ આપણે સૌ જોઈ રહ્યાં છીએ. નવાઈની વાત એ વાત એ છે કે ચારેબાજુ આટલો બધો વિકાસ દેખાઈ રહ્યો છે અને એ હકીકત છે એમ આપણે માની લઈએ તો પણ બધું જ જેવું દેખાય છે એવું રૂપાળું નથી!

સિક્કાની બીજી બાજુ પર એક નજર કરીએ- આજે આપણા દેશમાં ડિપ્રેશનના દર્દીઓ પહેલાં હતા એના કરતાં અનેક ઘણા વધી ગયાં છે. લોકો સખત માનસિક તણાવ ભોગવી રહ્યાં છે અને ચિંતાની વાત એ છે કે આ માનસિક તાણ ખૂબ નાની ઉંમરની વ્યક્તિઓમાં પણ જોવા મળી રહી છે. જે ઉંમરે આજથી વીસ વરસ પહેલાં છોકરાને લેંઘાને નાડું બાંધતા નહોતું આવડતું એ ઉંમરે હવે આજના છોકરા આત્મહત્યા કરવાનું વિચારી રહ્યા છે એમના માટે જીવનમાં રસપ્રદ કશું બચ્યું જ નથી. આજે યુવાવર્ગમાં છૂટ્ટાછેડાનું પ્રમાણ પહેલાં કરતાં અનેક ઘણું વધી ગયું છે. પતિપત્ની વચ્ચે પ્રેમ નામનો શબ્દ ખૂબ ઝડપથી ભૂંસાઈ જાય છે. લોકોનો પગાર વધ્યો છે પણ મોંઘવારી પિંછો છોડવાનું નામ નથી લઈ રહી. માણસ સામાજિક કે પારિવારિક રીતે જેટલો એકલો આજે છે એટલો આજ પહેલાં ક્યારેય નહોતો અને આવનારા વર્ષોમાં આ એકલતા ક્યાં જઈને અટકશે એ કહેવું મુશ્કેલ છે. આજે કેટલાય લોકો નક્કી કરીને બેઠા છે કે એ ક્યારેય લગ્ન નહીં કરે, બાળકો પેદા નહીં કરે, એમને ગમે ત્યાં સુધી એમની મરજી મુજબનું જીવન જીવશે અને જે દિવસે કંટાળી જશે એ દિવસે જીવનનો એમને હાથે જ અંત લાવી દેશે...માણસ આટલો બધો સ્વાર્થી આજ પહેલાં ક્યારેય નહોતો.

પહેલાંના સમયમાં અને આજના સમયમાં એવો તો શું ફરક પડી ગયો કે માણસ આટલો બધો બદલાઈ ગયો! આ ફરક ખાલી આપણા દેશમાં જ આવ્યો છે એવું નથી. આ ફરક આખી દુનિયામાં દેખાઈ રહ્યો છે. લોકોના જીવનમાં જેમ જેમ સુખાકારી વધતી જાય છે તેમ તેમ એ માણસ વધારે ને વધારે નબળો, પાંગળો થતો જાય છે. શારીરિક રીતે આવતી નબળાઈ બધાને દેખાય છે અને તરત એનો ઉપાય શોધાય છે પણ માનસિક નબળાઈ તરફ કોઈ ધ્યાન નથી આપતું.

આજથી થોડાક દાયકા પહેલાનો વખત હતો, ચલાવી લેવાનો વખત! તમારી પાસે બ્રાન્ડેડ શર્ટ કે ડ્રેસ નથી કશો વાંધો નહીં ઘરમાં જે નવા પડ્યા હોય એ કે બીજા ભાઈ/બહેન પાસેથી ઉધાર માંગીને કપડાં પહેરી લેવાતા અને પ્રસંગ સચવાઈ જતો. આજે કોઈ કોઈની પાસે કપડાં માંગવા નથી જતું, જરૂર પડે એ વસ્તુ તરત ખરીદી લેવાય છે. ગજવામાં રૂપિયા નથી, વાંધો નથી, ક્રેડિટ કાર્ડ કે પે લેટરનો વિકલ્પ હાજર છે. જે વસ્તુ જ્યારે જોઈએ ત્યારે ખરીદી જ લેવાનું બાકીનું બધું પાછળથી જોયું જશે- આ આજના લોકોની વિચારસરણી છે.

જ્યારે વિકાસ નહોતો થયો ત્યારે એક જોડી સૂટ અને બે જોડી ટાઈ પુરુષોને જીવનભર ચાલી રહેતી હતી. જરૂર પડે એના સિલાઈના ટાંકા ખોલાતા કે જોડાતા અને નજીવા રૂપિયા બચાવી લેવાતા. એ જમાનામાં કોઈ એમ નહોતું કહેતું કે તમે કેમ દરેક પ્રસંગે આ એક જ સૂટ પહેરો છો, ઉલટાનું એ વખતે તો તમારી પાસે એક જોડી શૂટ છે એ મોટી વાત કહેવાતી. આજે ચાર જોડી શૂટ અને પાંચ રંગબેરંગી ટાઈ તો યુવાન કોલેજ પાસ કરી લે ત્યાં સુધીમાં પહેરી લેવાય છે. એક પાર્ટી કે પ્રસંગમાં કોઈ એક ડ્રેસ પહેરી લીધો, એમાં ફોટા પાડી લીધા અને બધાને દેખાડી લીધાં ત્યાર બાદ એ ડ્રેસ નક્કામો થઈ જાય છે. નવા પ્રસંગે નવો ડ્રેસ જોઈએ જ...ફલાણી બ્રાન્ડનો કે ફલાણા ડિઝાઈનરનો ડ્રેસ હોય તો જ વટ પડે, વેકેશનમાં ભારતમાં ફરો એને ફર્યું ના કહેવાય ક્યાંક ફોરનની ટૂર કરી આવો તો જ તમે જમાના સાથે ચાલો છો એમ કહેવાય. આવું તો ઘણું બધું કહી શકાય અને આ જ છે અત્યારના માણસની મનની શાંતિ ખોવાવાનું કારણ!

એક છોકરી ખૂબ સુંદર કવિતા લખતી અને સોશ્યલ મીડિયામાં પોસ્ટ કરતી પણ એને જોઈએ એટલી લાઈક્સ નહોતી મળતી. કવિતા લખીને એને આનંદ મળતો અને એટલાથી એ ખુશ હતી. એકવાર એના એક મિત્રે કહ્યું કે તું તારી કવિતા સાથે તારો ફોટો મુક. વધારે લોકો એને લાઈક કરશે. છોકરીએ હવે એનો ફોટો કવિતા સાથે પોસ્ટ કરવાનું ચાલું કર્યું અને ખરેખર લાઈક્સ વધી ગઈ. કોઈકે સૂચન કર્યું, ફોટો નહીં વિડિયો ક્લિપ મુક અને છોકરીએ પોતે કવિતા ગાઈ એનો વિડિયો રેકોર્ડ કર્યો અને લોકો આગળ મૂક્યો. વિડિયો ખૂબ વખણાયો. છોકરી રાજી રાજી થઈ ગઈ. એ પછી એણે એના વાળની સ્ટાઈલ બદલી, કપડાં બદલ્યા, મેકઅપ કરતાં શીખી અને હાલ તમે એની પ્રોફાઈલ જુઓ તો જાણે કોઈ મોડેલ ઊભી છે. એના દરેક વિડિયો પર લાખો લોકોની લાઈક્સ અને કમેન્ટ્સ હોય છે. તમને થશે કે આ તો સરસ થયું આમાં ખરાબ શું છે? આમાં ખરાબ વાત એક જ બની અને તે એ કે એ છોકરી હવે કવિતા નથી લખતી! પેલો કવિતા લખવાનો જે અદભૂત આનંદ એને મળતો હતો એ હવે નથી રહ્યો. એને નિયમિત રૂપિયા મળી રહ્યાં છે, એના ચાહકો વધી ગયા છે, એને એક તરફથી જુઓ તો એ આજની સફળ સ્ટાર છે અને બીજી બાજુથી જુઓ તો એ સાવ એકલી છે, એ ડિપ્રેશનમાં સરી રહી છે!

**અમસ્તું,**
વિકાસ ગાંડો નથી થયો, વિકાસે માણસોને ગાંડા કર્યા છે!

@KapadiaNiyati